‘રાજ’ અપહરણ મામલે ત્રણ પકડાયા

માસીના દિકરાએ જ અપહરણમાં મુખ્ય ભૂમિકા ભજવી : આ ત્રણેય અપહરણકારો મર્ડર-૩ ફિલ્મથી પ્રેરણા લઈ મોજ શોખ માટે આ સમગ્ર અપહરણ રચ્યુ હોવાની કબુલાત કરી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પુત્રના ચકચારી અપહરણ કેસમાં ગાંધીનગર પોલીસે કલાકોમાં શહેર અને જિલ્લામાં નાકાબંધી કરી ત્રણ અપહરણકારોને ઝડપી પાડ્યા હતા. જયારે આ અપહરણકારોમાં અપહ્યુતના સગા માસીનો દિકરો હોવાનું પોલીસ તપાસમાં બહાર નિકળ્યું હતું. આ સમગ્ર ચકચારી અપહરણ કાંડમાં આરોપીઓ ‘મર્ડર’ થ્રી ફિલ્મથી પ્રેરણા લઈ પૈસા અને મોજ શોખ માટે આ આખુયે અપહરણ રચ્યું હતું.

મોજ-શોખ પુરા કરવા રૂપિયા કમાવવાનો કારસો

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પુત્રના અપહરણકાંડમાં અપહ્યુત રાજ પુજારાના જ સગા માસીના દીકરો અને તેના અન્ય બે મિત્રોએ હિન્દી ફિલ્મ ‘મર્ડર થ્રી’ જોઈ મોજ શોખ અને ટુંકાગાળામાં લાખો રૂપિયા કમાઈ લેવા આ કારસો ઘડી કાઢ્યો હતો. અને આ અપહરણ કર્યુ હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ચકચારી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પુત્રના અપહરણ કેસમાં ગાંધીનગરના કુડાસણ ગામે આવેલા સીમન્ધર બંગ્લોમાં રહેતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રમેશભાઈ પુજારાના એકના એક પુત્ર રાજ પુજારાને કેટલાક ઈસમો શનિવારે સાંજે આઠ વાગ્યાના સમયે ફન્ટીકાર નં. જીજે-૭-૧૬૭૫ માં નાખી અપહરણ કરી લઈ ગયા હતા. જે અંગે અપહ્યુતના પિતાએ ગણતરીની મિનિટોમાં જ પોલીસને જાણ કરતા જિલ્લા પોલીસની સૂચનાથી પોલીસે તાત્કાલિક વિવિધ ટીમો બનાવી નાકાબંધી હાથ ધરી હતી.

(તસવીર : દિપક જાની)

પોલીસની સઘન નાકાબંધી જોઈ અપહરણકારો રાજ પુજારાને વાવોલથી નજીક સેક્ટર-૫ ખાતે છોડી નાસી છૂટ્યા હતા અને રાજ પુજારા રીક્ષા કરાવી પોતાના ઘરે આવી ગયો હતો.

બાદમાં ગાંધીનગર પોલીસ રાજ પુજારાના ઘરે આવી ત્રણ અપહરણકારો અંગે ભોગ બનનારના પરિવાર સાથે સંકળાયેલા તમામ વ્યક્તિઓની સઘન પુછપરછ કરતા ભોગ બનનાર રાજ પુજારાના માસીનો દિકરો સચિન જગદીશભાઈ ઠક્કર તથા તેના મિત્ર રાહુલકુમાર ભારતેશકુમાર સિંગ અને અન્ય એક કિશોર જેઓ હાલ મીહીરપાર્ક સોસાયટી વાવોલ ખાતે રહે છે. તેઓ પોલીસના શંકાના દાયરામાં આવતા તેઓના મોબાઈલ ફોનની તપાસ કરી હતી અને અન્ય ઈલોકટોરનિક ઉપકરણની મદદથી માહિતી મેળવી હતી.

બે અપહરણકારો તો સી.એ.માં અભ્યાસ કરે છે

અપહરણકાંડમાં સંડાવેયાલ ત્રણેય અપહરણકારો પૈકી બે અપહરણકારો સચિન ઠક્કર અને રાહુલસિંગ અમદાવાદની ખાનગી સંસ્થામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રથમ વર્ષમાં જ્યારે અન્ય એક કિશોર બી.સી.એ.ની કોલેજમાં અભ્યાસ કરે છે.

માહિતીના આધારે પોલીસે આ ત્રણેય જણા આ આજરોજ મોડી રાત્રીના બાવળાથી ગાંધીનગર મીહીરપાર્ક ખાતે આવનાર છે. જેના લીધે ત્રણેય અપહરણકારોને માર્ગમાં જ પકડી પાડ્યા હતા અને તેઓની સઘન પુછપરછ કરતા તેઓએ આ ગુન્હો કર્યો હોવાની ચોંકાવનાર કબુલાત કરી હતી.

ખોટા નંબરના સ્ટીકર લગાવાયા

અપહરણકારો પૈકીના સચિન ઠક્કરે પોતાના પિતાની ફન્ટી નં. જીજે-૧-બી.કે.-૨૨૦૨ ઉપર આગળના ભાગે પોલીસને ગુમરાહ કરવા ૩૦૭૫ તથા ૧૬૭૫ નંબરના સ્ટીકર લગાવ્યા હતા.

આ અપહરણકાંડમાં આરોપીઓની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે પૈસા કમાવવાની લાલચ થતા રાહુલસીંગ જે મૂળ ઉત્તરપ્રદેશનો રહેવાસી છે. તેણે સચિન ઠક્કરને તેના બધા સંબંધી પૈસાદાર છે. તેમના કોઈ

● અનુસંધાન પાન-૭ પર

હવે, અપહરણ અને ખંડણીની ઘટનાઓ ઘરઆંગણે બનવા લાગી

ગાંધીનગર, તા. ૩

કિશોરનું અપહરણ થાય, ખંડણી મંગાય, અપહરણકારો પકડાય, ક્યાંથી પ્રેરણા મળી, કેવી રીતે પ્રેરણા મળી, આ બધી વાતો રાષ્ટ્રીય અને રાજ્યના અખબારોમાં ઉત્તેજનાપૂર્વક વાંચવાની મજા પડતી હતી. માનવ સહજ સ્વભાવ છે કે દૂર બનતી ઘટનાઓ વાંચીને, સાંભળીને ઉત્તેજના અનુભવવી. થોડીક ચર્ચા કરવી, ચાર-પાંચ ચુચનો કરવા અને ભુલી જવું. આ દુર દુર બનતી ઘટનાઓ હવે ગામડામાં

સમયસર

બનવા માંડી છે, શેરીમાં બનવા માંડી છે. જાણીતા પરિવારોમાં બનવા માંડી છે. હવે વાંચીને ઉત્તેજીત નથી થવાતુ, સાંભળીને ગુસ્સે થવાય છે. થોડોક ધિક્કાર થાય છે અને લગીર ચિંતા થાય છે. ગાંધીનગરમાં ઉચ્ચ મધ્યમવર્ગીય પરિવારમાં બે દિવસ પૂર્વે પંદર વર્ષીય કિશોરનું અપહરણ થયુ. ફિલ્મી સ્ટાઈલથી ખંડણી માંગતો ફોન થયો. પરિવાર હાંફળો ફાંફળો થયો, પોલીસ સતર્ક બની. વધુ હિંમત જાળવી ન શકાતા અપહરણકારોએ અપહુત કિશોરને થોડાક કલાકો બાદ ગામ વચ્ચે છોડી દીધો અને પોલીસ આકમક બની. વ્યૂહરચનાથી માત્ર ગણતરીના કલાકોમાં ફિલ્મીઢબે અપહરણકારોને ઝડપી લેવાયા. પરિવારે હાંશકારો અનુભવ્યો. સ્વજનોએ રાહત અનુભવી અને ચોરે ને ચૌટે ચર્ચાઓમાં ઉત્તેજના અનુભવાઈ. વાત અહીં અટકતી નથી. વાત અહી પુરી નથી થતી. હવે જ શરૂ થાય છે ચિંતાનો વિષય.

ક્યાં જઈએ છીએ આપણે, ક્યાં જઈ રહ્યું છે આપણું સમાજજીવન, કેવો સમાજ આપણે રચવો છે. ક્યાં છે આપણી સંસ્કારીક વાતો. ગીતા અને રામાયણમાંથી જીવનનો પાઠ શીખનાર સમાજ મર્ડર-૩ માંથી પ્રેરણા મેળવે છે. ચલચિત્રો અને અન્ય સમુહ માધ્યમોની કેવી ગંભીર અસર સમાજજીવન પર પડી રહી છે. પૈસા કમાવવા છે, ગમે તે રસ્તે, ગમે તે કરીને કમાવા છે. લબરમુછીયા ત્રણ યુવાનો પૈકીના એકને સગી માસીના દિકરાનું અપહરણ કરવાનો વિચાર આવ્યો. આ વાત સામાન્ય નથી. ખુબ જ ગંભીર છે. માસીના દિકરા કરતા ફિલ્મના એક્ટરનો પ્રભાવ આ લબર મુછીયાઓ પર કેવો છે

ગીતા અને રામાયણમાંથી પ્રેરણા મેળવી જીવન ઘડતો સમાજ હવે મર્ડર-૩માંથી જીવન શૈલી વિકસાવે છે - દિશા સાચી છે ? વિચારવાનો સમય પાક્યો છે... થોડાક પાછા વળવાનો સમય પણ આવી ગયો છે....

અને કેવો પડે છે એનું મનોવિશ્લેષણ કરવાનો સમય પાકી ગયો છે. આભાર ભગવાનનો કે બધુ સમુસુતર ઉતર્યુ છે. પરિવાર સજાગ બન્યુ, પોલીસ સતર્ક બની અને સમય વહી જાય તે પહેલા આરોપીઓ પકડાઈ ગયા. આ ઘટના માત્ર ચર્ચાની નથી. ચિંતાની છે. એક સમાજ તરીકે સૌએ સાથે મળી સમુહચિંતન કરવુ જરૂરી બન્યું છે. પૈસાને અપાતી અગ્રતા બદલાવવી પડશે સમુહ માધ્યમોની સ્થિતિ માટે સામુહિક ચિંતન જરૂર બને છે. ચલચિત્રોની અસરોને ખાળવા નવા આયામો ઉભા કરવા પડશે. હવે ખોખલી ચર્ચાઓથી કે નપુસંક નિવેદનોથી સમાજને ઉજાસ તરફ નહી લઈ જવાય હવે જોઈશે નક્કર વાસ્તવિક વિચાર, પ્રભાવશાળી સામુહિક કતૃત્વ અને સર્જનાત્મક અને સકારાત્મક વિચારોની વ્યાપકતા અને આજે કંઈઈ નહી વિચારાય તો આવતીકાલ આજને માફ નહી કરે. વ્યક્તિગત જીવનથી લઈ સામાજિક જીવન સુધી સામાજિક ગુન્હાખોરી ડામવામાં એક આહુતિ આપે એ સમયની અભિલાષા છે.

રશ્મિ ભાવે મર્ડર કેસની તપાસ માટે શકમંદનો નાર્કોટેસ્ટ થશે

ત્રણ મહિનાના અંતે એક શકમંદનો નાર્કોટેસ્ટ કરવા લેવાયેલો નિર્ણય

ગાંધીનગર, તા. ૩

હાઈપ્રોફાઈલ રશ્મિ ભાવે મર્ડર કેસ હજુ પણ પોલીસ માટે બ્લાઈન્ડ રહ્યો છે. અલબત્ત ત્રણ મહિનાના અંતે પણ હત્યારાનું પગેરૂ શોધવામાં પોલીસ તંત્રને સફળતા મળી નથી, ત્યારે આ કેસમાં શકમંદોની પૂર્ણ તપાસના અંતે કોઈ નક્કર સુરાગ પોલીસના હાથ લાગે તેવી પણ આશા સેવાઈ રહી છે. અગાઉ પોલીસતંત્ર દ્વારા એફ.એસ.એલ.ની મદદથી બન્ને શકમંદોના એમ.ડી.એસ. ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જ્યારે હવે પોલીસે નાર્કોટેસ્ટ કરવા મથામણ શરૂ કરી છે.

ડૉ. વિવેક ભાવેની પત્ની રશ્મિ ભાવેના હાઈપ્રોફાઈલ મર્ડર કેસની મિસ્ટરી ઉકેલાઈ નથી. હાઈપ્રોફાઈલ મર્ડર કેસની તપાસ પણ હાઈવોલ્ટેજ ઢબે ચાલી રહી છે. મર્ડરની ચકચારી ઘટનાને ત્રણ મહિનાનો સમય વીતી ગયો છે. બીજી તરફ પોલીસ આ કેસમાં એક મજબૂત સુરાગ મેળવવા તપાસનો દૌર આગળ ચલાવી રહી છે. અગાઉ આ કેસમાં શંકાના દાયરામાં આવેલા બે શંકાસ્પદોનો એમ.ડી.એસ. ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જ્યારે આ પૈકી એકનો હવે નાર્કો ટેસ્ટ કરવા પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરશે.

અસહ્ય બફારા સાથે વાતાવરણમાં પલ્ટો

સવારથી બપોર સુધી આકાશમાં વાદળો ઘેરાયેલા રહ્યા : મહત્તમ તાપમાન ઘટ્યું : લઘુત્તમ વધ્યું

ગાંધીનગર, તા. ૩

ચોમાસાના આગમન પહેલા વાતાવરણમાં અવારનવાર પલ્ટો આવી રહ્યો છે. આકાશમાં વાદળો ઘેરાઈ રહ્યા છે અને અસહ્ય બફારો અનુભવાઈ રહ્યો છે. લઘુત્તમ તાપમાન ૩૦.૫ ડિ.સે. જેટલું ઉંચુ નોંધતા વસાહતીઓ આખી રાત પરસેવે રેબઝેબ થયા હતા.

પ્રિ-મોન્સુન એક્ટીવિટી શરૂ થઈ ચુકી છે તેની સાબીતીરૂપે વાતાવરણમાં પલ્ટો આવી રહ્યો છે. આકરો તડકો અને અંગ દઝાડતી ગરમી ઓછી થઈ છે. છેલ્લા એક અઠવાડિયાથી ગાંધીનગરના આકાશમાં અવારનવાર વાદળો ઘેરાઈ આવે છે. જેના કારણે મહત્તમ તાપમાનમાં ત્રણ થી ચાર ડીગ્રી જેટલો ઘટાડો નોંધાયો છે. ગઈકાલે રાત્રે બફારો ખુબ અનુભવાયો હતો. જેના કારણે વસાહતીઓ પરસેવે નાહ્યા હતા. ઘરમાં તો રહેવાય તેવી સ્થિતિ જ નહોતી. ઘણા તો આખી રાત પરસેવાના કારણે હેરાન થતા ઉંઘી શક્યા ન હતા. આખી રાત એ.સી. ચાલુ રાખવુ પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. લઘુત્તમ તાપમાન ૩૦.૫ ડિ.સે. જેટલું ઉંચુ નોંધાયું હતું. આજે વહેલી સવારથી આકાશમાં વાદળો દેખાતા હતા. છેક બપોર સુધી વાદળો ઘેરાયેલા રહ્યા હતા. બપોર બાદ સૂર્યના દર્શન થઈ શક્યા હતા. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ધીરે ધીરે વધી રહ્યું છે. ચોમાસાના આગમનના સંકેતો આપી રહ્યા છે.

IITE
INDIAN INSTITUTE OF TEACHER EDUCATION
Govt. College Campus, KH-Road, Sector-16, GANDHINAGAR

ટુંકી મુદતની બાંધકામ અંગેની નિવિદા

આઈઆઈટીઈ ખાતેના મકાનમાં રજીસ્ટ્રાર કાર્યાલય, સંમેલન ખંડ તથા અંગત મદદનીશો માટેની બેઠક વ્યવસ્થા તૈયાર કરવા માન્ય ઈજારદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. વિગતવાર ટેન્ડર કચેરી ખાતેથી તા. ૧૧/૬/૨૦૧૩ સુધીમાં રૂ. ૧૦૦ રોકડેથી ભરીને મેળવી લેવાના રહેશે. કામની વિગત નીચે મુજબ છે. ભરેલા સીલ ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએ મોડામાં મોડા તા. ૧૧/૬/૨૦૧૩ સુધીમાં પરત કરવાના રહેશે.

Converting existing structure into Registrar conference room and cabin for P.A. with providing all necessary facilities. Estimate cost Rs. 8,70,100/-

Qualification of Bidder : Any registered construction contract firm or majoor kamdar Mandali which have experience of building construction work in professional way during last 3 years with minimum 5 lacs rupees work.

સુચસચિવ
આઈઆઈટીઈ

ગાંધીનગરમાં મોડી સાંજે વીજ પુરવઠો ખોરવાતાં ભારે હાલાકી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં આજે મોડી સાંજે પોણા આઠ વાગ્યાના સુમારે વીજળી ગુલ થઈ જતાં નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા.

૪૫ મિનિટ બાદ વીજ પુરવઠો પુનઃ પ્રસ્થાપિત થયો હતો. જો કે વીજળી જવા અંગેનું કોઈ ચોકકસ કારણ ટોરેન્ટ પાવર પાસેથી જાણવા મળી શકયું નથી.

ગાંધીનગર શહેરમાં વીજળીની માંગમાં ભારે વધારો થવા પામ્યો હોઈ ટ્રીપીંગ થતાં લાઈટ જતી રહી હોવાનું મનાઈ રહ્યું છે.

મળતી વિગતો મુજબ સે-૨૨, સે-૭, સે-૧૬, સે-૧૭, સે-૧૯માં લાઈટો જતી રહી હતી. લાઈટો જતી રહેતાં લોકો બહાર નીકળી પડયા હતાં. મોડી સાંજે વોલ્ટેજમાં પણ વધઘટ થતી રહી હોવાની વાતો લોકજીભે ચર્ચાતી સાંભળવા મળી હતી.

બલ્ક SMS મોકલવાની સેવા પૂરી પાડવા અંગેની જાહેર નિવિદા

કમિશનરશ્રીની કચેરી, ખોરાક અને ઔષધ નિયમ તંત્ર, ગાંધીનગર. આ કચેરીની કામગીરી માટે બલ્ક SMS મોકલવા અંગેની સેવા પૂરા પાડવા તા. ૧૮/૬/૧૩ સુધીમાં http://wwww.nprocure.com ઉપર online ટેન્ડર મંગાવવામાં આવે છે. આ અંગેની વધુ વિગત તથા માહિતી ઉક્ત વેબસાઈટ પર જોઈ શકાશે.

સ્થળ : ગાંધીનગર — સહી/-
તારીખ 3/6/13 — કમિશનર વતી
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,
માહિતી/૪૭૬/૧૩/૧૪ — ગાંધીનગર

માણસા તાલુકા પંચાયતની બે બેઠકોની પેટા ચૂંટણી ૩૦મી જૂને યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાની માણસા તાલુકા પંચાયતની ખાલી પડેલી બે બેઠકો સહિત રાજ્યની વિવિધ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની પેટા-ચૂંટણીઓ યોજવા અંગેની જાહેરાત રાજ્ય ચૂંટણી પંચે કરી છે.

માણસા તાલુકા પંચાયતની આજોલ અને ચરાડા-૧ની ખાલી પડેલી બેઠકોની પેટા-ચૂંટણી અંગે ૧૦મી જૂને જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવશે. આ સાથે જ ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે.

૧૫મી જૂન ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ રહેશે. ૧૭મી જૂને ઉમેદવારી પત્રોની ચકાસણી થશે અને ૧૮ જૂન સુધીમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે. જ્યારે ૩૦મી જૂને મતદાન યોજાશે અને ૨ જી જુલાઈના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે. માણસા તાલુકા પંચાયતની એક બેઠક સભ્યના થયેલા અવસાનને કારણે ખાલી પડી છે જ્યારે બીજી બેઠક સભ્યપદ માટે મહિલા સદસ્યાને ગેરલાયક ઠેરવવામાં આવતાં ખાલી પડી હતી.

ભાવાંજલિ

સ્વ. નટુભાઈ દેવાભાઈ ચૌધરી (એન.ડી.)
સ્વર્ગવાસ : ૪-૬-૨૦૧૨

સૂર્યનું સમી સાંજે અસ્ત થવું એ કુદરતી ક્રમ છે. પરંતુ મધ્યાહ્નને અસ્ત થવું તે વિધીની વકતા છે. નામ તેનો નાશ તે પણ સનાતન સત્ય હોવા છતાં કેટલાક મૃત્યુના ઘા એવા કારી હોય છે કે જે કદીય રુઝાતા નથી... તમારી ખોટ હંમેશા સાલશે....

આપની કૌટુંબિક - સામાજિક ભાવન, માયાળુ - મુલનસાર, પરગજુ-સરળ સ્વભાવ, ધાર્મિકતા અને નિખાલસતાની સુવાસ સર્વત્ર પ્રસરેલી છે. અમો પણ તેને જાળવી રાખવા પ્રયત્નશીલ છીએ. અમોને બળ પુરું પાડશો તેવી શ્રદ્ધા સહ આપની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ હૃદયપૂર્વકની ભાવાંજલિ અર્પીએ છીએ....

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી હૃદયપૂર્વકની પ્રાર્થના...

નયના ચૌધરી (પત્ની)
ભાર્ગવી, ક્રિષ્ના, પ્રકૃતિ, ભાગ્યશ્રી (પુત્રીઓ) ● કેતન ચૌધરી (જમાઈ)
નસવાનભાઈ-રંજનબેન (મોટાભાઈ-ભાભી) ● ડો. મહેશ-શોભના (સાળા)
નવીનભાઈ - રસીલાબેન (ભાણેજ) ● સુરેશ પારથી - સ્નેહા પારથી (સ્નેહીજન)

પ્રોસ્પેક્ટ ૧૧ - ૧૨ સાયન્સ
કોલેજ / ગુજરાતી માધ્યમ

- સેટ સેમેસ્ટરમાં ત્રણ પ્રિલિમિનરી પરીક્ષાનું આયોજન
- ઘરે બેઠા બેઠા Online લેક્ચર લાઈવ ક્લાસ રૂમની સમજણની video તેમજ online લેક્ચર સ્ટડી મટેરિયલની ખાસ વ્યવસ્થા
- ૧૧મા + NEET / JEE + ટ્યુશન ફીની સેટ સાથે ગરજ સારતી સંસ્થા
- સેમેસ્ટર અભ્યાસક્રમ સાથે જ ૧૨મોર JEE / NEET ની પ્રથમ શિફ્ટથી જ તૈયારી કરાવતી સંસ્થા

પ્રોસ્પેક્ટ ૧૧ - ૧૨ કોમર્સ
કોલેજ / ગુજરાતી માધ્યમ

- ૧૨ અઠવાડિયે ૧ Test નું આયોજન
- અભ્યાસક્રમ સાથે ૧૨મોર ICA (Institute of Computer Accountants) તા નિયમતી દ્વારા Certified Industrial Accountant ના કોર્સનું પ્રશિક્ષણ દ્વારા કોર્સ કરાવતી સંસ્થા

Admissions Open from Nursery to 12 Sci-Com Gujarati/English Medium

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com